સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ઝંડો લોકશાહીનો અહીં ભયમાં ફફડે છે!
રાષ્ટ્રીય એકતાનાં વાસણો અહીં ખખડે છે!
તતડાવે સત્તા અહીં નિર્દોષ વિદ્યાર્થીઓને -
કાયદાઓનો વિરોધ પણ અહીં વકરે છે!!

હાઈકુ

પ્રજા-સત્તાક
મોટી લોકશાહીમાં -
ઉતર્યો ક્રમ...
(વિશ્વ સર્વેનો સૂર)

બેય બાજુથી -
ટ્રંપનો કપિ ન્યાય -
લેવો છે લાભ...
(મે આઈ હેલ્પ યુ?)

ચિંતન

નરસ્ય ચિહ્નં નરકાગતસ્ય, વિરોધિતા બંધુજનેષુ નિત્યમ્ ।
ઈર્ષાજ્વલન નીચજનેષુ સેવા, હ્યતીવદોષા કટુકા ચ વાણી ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

આ સુભાષિત માનવી જેનું ગૌત્ર - મૂળ નરક કે મૃત્યુલોકમાંથી આવ્યો હોય એ કેવો હોય એનો પરિચય છે.

હંમેશા પોતાનાં જ ભાઈભાંડુ - સગાં-વહાલાં જ વિરોધ કરે, ઈર્ષાથી બળ્યા કરે, હલકાં લોકોની સેવાથી પ્રસન્ન રહે, અનેક દોષો ધરાવે અને અનેક દોષો જોવાની ટેવવાળા હોય, કડવી વાણીનો જ સદા ઉપયોગ કરે એવા માણસો નરકમાંથી અત્રે જન્મ લઈ પધાર્યા છે એમ સમજવું.

લોકો પોતાના સ્વભાવ, વર્તણુંક અને વાણીથી પોતાની આસપાસ સ્વર્ગ કે નરક ઉત્પન્ન કરે છે. સ્વભાવ જ એનો દુષિત હોય એની આંખમાં ઝેર હોય. એ કોઈને રાજી, ખુશી, સુખી કે આનંદમાં જોઈ શકતા નથી. એમની વાણીમાં પેટ્રોલ અને જીભ પર દીવાસણી હોય છે.

આવા લોકો કોઈની પ્રગતિ જોઈ શકતા નથી અને દ્વેષ - ઈર્ષાથી સતત દાઝતા હોય છે એમની આંખનું ઝેર બીજાના દોષ જોવા તડપતા હોય છે.

સુવિચાર

- ઉતના હી બોલો ઝુબાન સે, જિતના ફીર સુન સકો કાન સે - **ઈકબાલ**
- જે જાણવાથી બધું જ જણાઈ જાય એ 'આત્મજ્ઞાન' - **કઠઉપનિષદ**
- સર્વ સ્થળે નિઃસ્વાર્થતાનું પ્રમાણ માનવીની સફળતાનું પ્રમાણ નક્કી કરે છે - **કચ્છ મિત્ર**
- નિરાશાનાં સૂર કાઢતી હોય,
  પોતાનાં રોદણાં રડતી હોય તે વ્યક્તિ કદાપિ લોકપ્રિય નહીં થાય - **ભૂપત વડોદરિયા**
- દરેક સત્ય, પછી ભલે ને એ નાનું હોય કે મોટું,
  એ એક એવી ખાઈનો કિનારો છે કે જેની ઊંડાઈ કદી માપી શકાતી નથી - **સિગોન**
- એકલો ખાશો તો શેતાન જમશે, સાથે બેસીને ખાશો તો દેવો જમશે - **વેદ વાક્ય**
- આજનું ઔષધ : તરબૂચ અથવા શકરટેટીનો ગર અળાઈપર લગાડવાથી અળાઈ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક સમજદાર માતા તેના પુત્ર સાથે બજારમાં જઈ રહી હતી. રસ્તામાં તેમને એક પાગલ સ્ત્રી મળી. જે પેલા છોકરાની માતાને અપશબ્દો બોલવા લાગી. આમ છતાં એ સ્ત્રીના આ શબ્દોની માતા પર કોઈ જ અસર થઈ નહીં. માતા તો પોતાના પુત્રને લઈ આગળ ચાલી નીકળી. થોડીવારમાં માતા પુત્ર તરત પરત ફરી રહ્યા હતા. ત્યારે વળી પાછી પેલી પાગલ સ્ત્રી ઉશ્કેરાઈ. અને આ વખતે તેણે ખરાબ અપશબ્દોની વણઝાર ચલાવી. માતા ઉપર એની કોઈ અસર થઈ નહીં. પુત્રથી ન રહેવાયું એટલે એણે માતાને પૂછ્યું, 'પેલી ગાંડી આવું વર્તન કર્યું છતાં તમે સાંખી કેમ લીધું ?' સમજદાર માતાએ જવાબ આપવાને બદલે રસ્તામાં એક ગંદુ થયેલું દુર્ગંધ મારતું ટી શર્ટ ઉઠાવી લીધું અને ઘરે આવી. ઘરે આવીને એ ગંદુ તથા દુર્ગંધયુક્ત ટી શર્ટ પુત્રને પહેરવા કહ્યું, પુત્રએ તે પહેરવાને બદલે કચરા પેટીમાં નાખી દીધું. ત્યારે માતાએ પુત્રને સમજાવતા કહ્યું, 'બેટા, જયારે તને કોઈ વગર કારણે અપશબ્દો બોલે ત્યારે શું તારા સાફ સુથરા મન પર એવા ગંદા શબ્દોની અસર થઈ જોઈએ?? એ સમયે ગુસ્સો કરીને પોતાના પવિત્ર મનને શા માટે દુષિત કરવું જોઈએ ?' સાર એ છે કે કોઈ પણ આપણા માટે કરેલી બીનજરૂરી વાતથી ઉશ્કેરાઈને પોતાના મનને પ્રભાવિત થવા દેવું જોઈએ નહીં એને પ્રતિસાદ ન આપવો એ જ શ્રેષ્ઠ પ્રતિસાદ છે.

પ્રજાસત્તાક દિને પ્રજા પાસે બચેલી સત્તાનું સર્વેક્ષણ

તંત્રીસ્થાનેથી...

આજકાલ અત્રતત્રસર્વત્ર બંધારણ સંદર્ભે ચર્ચા થતી સાંભળવા મળે છે. દેશના મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ અને ફિલસૂફોની બંધારણ સભાએ વિવિધ વિચારો આપ્યા. ડૉ. ભીમરાવ રામજી આંબેડકરને એનો યોગ્ય ડ્રાફ્ટ કરવાની વિશિષ્ટ જવાબદારી સોંપાઈ. એ રીતે તૈયાર થયેલ બંધારણના આમુખમાં કાળક્રમે 'સેક્યુલર' શબ્દ પણ સર્વાનુમતે સંસદની સંમતિથી ઉમેરાયો. બંધારણને ગીતા સમોવડું સ્થાન અને માન આપતા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે સમયાનુકૂળ ફેરફારો કરી જમ્મુ અને કાશ્મીર માટેનો વિશિષ્ટ દરજ્જો રદ કર્યો જેનો શેષ ભારતે સહર્ષ સ્વીકાર કર્યો, તો વળી છેલ્લે નાગરિકતા સંશોધન કાનૂન બનાવી દેશ અને દુનિયાભરમાં વિવાદ સરજાય એવી પરિસ્થિતિ પેદા કરી દીધી. પાડોશી ઈસ્લામિક રાષ્ટ્રોમાંથી ત્રાસ પામીને હિજરત કરી આવેલ બિનમુસ્લિમોને દેશની નાગરિકતા આપવી, ફક્ત મુસલમાનોને ઘૂસણખોર માની લઈ નાગરિકતાથી વંચિત રાખવા એમને ડિટેન્શન સેન્ટરોમાં રાખવા અથવા એ જે દેશમાંથી આવ્યા હોય ત્યાં પાછા ધકેલી દેવા, એવા અર્થઘટનથી તથાકથિત બિનસાંપ્રદાયિક તત્ત્વોને નારાજગી થઈ છે. તેઓને દહેશત છે કે આ 'હિંદુ રાષ્ટ્ર' તરફની જ ગતિ છે અને કાલાન્તરે મુસલમાનો માટે અહીં સેન્કડ રેટ સિટીઝન જેવી સ્થિતિ સરજાશે. ધર્મના નામે હિંદુસ્તાનના ભાગલા પડ્યા ત્યારે ભારતે સર્વધર્મ સમભાવના ઉદાત્ત અભિગમ સાથે જે મુસ્લિમો રહીં રહેવા માગતા હોય એમને આવકાર્યા હતા. એમની સાથે લઘુમતી તરીકે વધુ સારો વ્યવહાર થાય અને અમુત બાબતોમાં પહેલો કોળિયો નાના લાડુનો ધરાવાય એવી પારિવારિક ભાવના રખાતી રહી હતી. ભારતીય જનતા પાર્ટીની પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હિંદુ રાષ્ટ્રની થિયરીને વધુ વ્યાપક બનાવી ભારતમાં રહેતા કે જન્મેલા દરેક નાગરિકોને હિંદુ માનવાની હિમાયત કરી રહી છે. પરંતુ બેઉ ગૃહોએ બહુમતીથી પસાર કરેલ નાગરિકતા સંશોધન બિલ જયારે કાનૂન બની ચૂકેલ છે ત્યારે દેશમાં વિપત શાસિત રાજયો ઉપરાંત ખુદ ભાજપના સહયોગી પક્ષો હસ્તકની રાજય સરકારો આ કાનૂનનો અમલ કરવા તૈયાર નથી. દેખીતી રીતે બધાને આ કાનૂનમાં બંધારણના સર્વધર્મ સમભાવના મુદ્દાનો સરેઆમ ભંગ થયેલો વરતાઈ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વૈશ્વિક કક્ષાએ 'વિકાસ પુરુષ' તરીકેની ઊજળી ખ્યાતિ સાંપડી હતી, પરંતુ હવે એ જ વૈશ્વિક પટલ પર તેમને લોકશાહી માટે ભયજનક નેતા ગણાવાઈ રહ્યા છે. દેશમાં હિંદુ વોટનું ધ્રુવીકરણ થશે તો મોદીને ત્રીજી ટર્મ માટે ચૂંટાઈ આવવામાં કોઈ જ મુશ્કેલી નહીં નડે, પરંતુ પ્રજામાં વિભાજનકારી વલણ પ્રસ્થાપિત થવાની સંભાવના પણ નકારી શકાય એમ નથી. વિપક્ષોને હિંદુ બૌદ્ધિકોનો અને ઉદાર મતવાદીઓનો સહકાર સાંપડ્યો છે. પરંતુ બહુમતી હિંદુ સમાજનો મોટો વર્ગ તો દેશમાં હિંદુ રાષ્ટ્રની ઓળખ મળતી હોય તો એથી મનોમન રાજીપો જ અનુભવશે તે નક્કી છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે, અર્થતંત્ર ખાડે ગયું છે વિકાસની વાતો હાંસિયે ધકેલાઈ ગઈ છે અને ફક્ત સત્તામાં સમીકરણો જ મંડાઈ રહ્યાં છે ત્યારે પ્રજાસત્તાક ભારતમાં પ્રજાના અવાજનું કેટલું વજુદ બચ્યું છે એ તપાસનો વિષય બની રહે છે.

લક્ષ્મીનો વાસ - શાસ્ત્રનો સાર

રંગ-ઉમંગ

કાનન ઓઝા

મેલાં કપડાં પહેરનાર, ગંદા અને મેલા દાંતવાળો, વધુ ખાવાવાળો, કઠોર બોલવાવાળો, સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે સૂવાવાળો, જો સાક્ષાત વિષ્ણુ હોય તો પણ લક્ષ્મી તેને અવશ્ય છોડી દે છે. ખરી વાત આવી છે તો બીજા માણસો માટે શું કહેવું ?

જેના શબ્દોમાં આવેશ છે, તેનામાં કટોરતા આપોઆપ આવી જાય છે. એવી વાણી બોલનાર પોતાની પ્રસન્નતા આપોઆપ ખોઈ નાખે છે. તેની વાણી સાંભળનાર પણ શાંત રહી શકતો નથી. આવા માણસો પોતાના સંતાનોને સારા સંસ્કારો આપી શકતા નથી. આ કારણે લક્ષ્મી તેમનો સાથ છોડે છે, માટે મીઠું બોલો.

જે માણસ બીજાનો વિશ્વાસઘાત કરે છે તેને લક્ષ્મીજી કદી પણ સાથ આપતા નથી. જે સ્વાર્થ હોય ત્યારે સામા માણસને આવવાની વાત કરે પણ, પછી કશું આપે નહીં કે તેનું કામ કરે નહિં તેની પાસે લક્ષ્મી રહેતી નથી. જે પુરુષ પરસ્ત્રી તરફ અને જે સ્ત્રી પરપુરુષ તરફ મેલી નજર રાખે છે તેને લક્ષ્મી છોડી દે છે. જે માણસ ઘણું ખાય છે, આળસુ છે, ઊંઘમાંથી ઊઠી બ્રશ કર્યા વિના ચા પીવે છે, તેની પાસે લક્ષ્મી રહેતી નથી. માટે સાચા બનો.

માનવ-જીવન સિમિત છે. પણ કાર્યોની સંખ્યા અસીમિત છે. જ્ઞાન અનંત છે, પણ આયુ અલ્પ છે. માટે માણસે બધું જ શીખવાની, જાણવાની ભાંજગડમાં પડવું નહિ, તેમ કરશો તો તે ગૂંચવાઈ જશે અને કામ તો થશે જ નહિં. શાસ્ત્રો પાર વગરનાં છે, અને જીવન થોડું છે, અને તેમાં પણ રોગ, વૃદ્ધત્વ, મૃત્યુથી તે ભરેલું છે, માટે માણસે તો શાસ્ત્ર સાર જ જાણી લેવો સારો છે. જેમ હંસ દૂધમાંથી દૂધ પી લે છે અને પાણી રહેવા દે છે તેમ બુદ્ધિમાન વ્યક્તિએ શાસ્ત્રના તત્ત્વને ગ્રહણ કરવું સારુ છે.

સો વર્ષનું આયુ હોય તો પણ બધાં શાસ્ત્રો વાંચી ન શકાય, વળી ખાવું, પીવું, ઊંઘવું, વહેવાર, ધંધો વગેરેમાં પણ કાળ જાય છે. નાના મોટા અનેક વિઘ્નો આવે છે. માટે શાસ્ત્રનો સાર જ જાણવો.

મેક્સમૂલરે ઋગ્વેદ ઉપર ટીકા લખી તેમાં, તેને ૩૫ વર્ષ ગયા. ભાંડાંસ્કર ઈન્સ્ટિટ્યુટમાં ૨૧ પંડિતો એ ૨૦ વર્ષ સુધી મહાભારત ઉપર સંશોધન કરીને મૂળ મહાભારત તૈયાર કર્યું, જે ખરેખર તો સાર જ હતો. આમ શાસ્ત્રો પૂરેપૂરાં વાંચી, જાણી શકાય તેમ છે જ નહિં. માટે જ સારભૂત તત્ત્વ શાસ્ત્રોમાથી જ્ઞાનીઓએ તારવી ને લખી રાખ્યા છે. તેને જાણો, એન વાંચી ને જાણી લ્યો અને એનું ચિંતન કરતાં રહો. જેમ એક લિટર દૂધમાં સારરૂપ ઘી તો ફક્ત ૨૦ ગ્રામ જ છે, તેમ શાસ્ત્રોમાંથી જ્ઞાનીઓએ સાર તારવેલો છે, તે જાણી લ્યો... હંસમાં આવી સમજ છે.

માણસ એવી રીતે જીવે કે તે બીજાને ખૂંચે નિહં, બીજાને પીડે નહીં પણ પ્રસન્નતાથી એકબીજા સાથે ભળે અને પ્રેમપથ જીવન જીવે. આવું શાસ્ત્રમાંથી સાર રૂપે મળે છે. પોતાનો આત્મા જેમ માણસને ગમે છે, તેમ બીજાને પણ તેઓ આત્મા ગમે છે માટે બીજાને તમે પોતાના આત્મા જેવો જાણીને તેને પીડા ન આપો. આ છે શાસ્ત્રનો સાર. સાર ગ્રહણ કરવો હોય તો ચમચા જેવા ન બનશો. દૂધ પાકમાં ચમચો સતત પડ્યો રહે તો પણ દૂધપાકનો સ્વાદ માણી શકતો નથી. સ્વાદ માણવા તો દૂધપાક પીવો જ પડે તેમ શાસ્ત્રસાર જાણવા શાસ્ત્રમાં ખૂંપવું પડે.

અભિવ્યક્તિની આઝાદી, રાજનીતિ અને આજની યુવાપેઢી

મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

અભિવ્યક્તિની સ્વતંત્રતા એ આપણે ત્યાં ઘણા યુગથી ચાલી આવતી સામાજિક વ્યવસ્થારૂપી પરંપરા છે. રાજાશાહી વખતે પણ રાજકુંવરીઓના લગ્ન તેની પસંદગી મુજબ " સ્વયંવર " યોજીને થતા હતા. પણ એ વખતની સ્વતંત્રતા એક સામાજિક વ્યવસ્થાની સીમામાં, સંસ્કાર અને સમજણની મર્યાદામાં રહેતી હતી. અને જ્યાં સુધી સ્વતંત્રતામાં સામાજિક અને સંસ્કારિત મર્યાદાની સમજણ રહે, ત્યાં સુધી એ સારી છે નહિતર એ પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે ઘાતક પણ બની શકે છે.

આજે છેલ્લા કેટલાંક સમયથી દેશભરમાં નાગરિકતા કાનૂનનો વિરોધ આ અભિવ્યક્તિની આઝાદીના નામે થઈ રહ્યો છે. એ આપણે સૌ જોઈ રહ્યા છીએ. જો કે એમાં સંપૂર્ણ રાજનીતિ છે. વિપક્ષોની વિરોધનીતિ છે. તેથી અહીં કેટલાક જૂથો "આઝાદી" ને બદલે કોઈ પક્ષની કે કોઈ સમૂહની કે કોઈ વ્યક્તિના વિચારોની કે કોઈ પરિવારની " ગુલામ " બનતા વધુ જોઈ શકાય છે. કેમ કે નાગરિકતા કાનૂનનો વિરોધ આ અભિવ્યક્તિની આઝાદીના નામે થઈ રહ્યો છે. વળી આ અસંખ્ય જનસમૂહના ટોળામાંથી અસંખ્ય લોકોએ આ કાયદો વાંચ્યો જ નથી. સમજ્યા પણ નથી. બસ માત્ર આઝાદીના નામે વિપક્ષો તરફથી અપાતી નાની નાની રકમ લઈને રાષ્ટ્રવિકાસનો વિરોધ કરી રહ્યા છીએ. દિલ્હીમાં છેલ્લા ચાલીસેક દિવસથી ચાલતું " શાલીનબાગ "નું મહિલા બાલ આંદોલન ધીમે ધીમે રાજનીતિ, જ્ઞાતિવાદ અને સમગ્ર રાષ્ટ્ર માટે ભયજનક બની રહ્યું છે, કેમ કે આ આંદોલનનો એક માત્ર એજન્ડા છે સરકારનો વિરોધ કરવો. અહીં આ જનઆંદોલનમાં સ્ત્રીઓ અને બાળકો હોવાથી સરકાર પણ કડક પગલા લેવા માટે અસહાય બની છે.

શું અભિવ્યક્તિની આઝાદીની આ સાચી રીત છે ? ઓળખ છે ? આજે દેશની કરુણતા એ છે કે જનહિતના કાયદાના ઉપયોગથી લાખો લોકોને ભારે નૂકશાન, તકલીફ અને બરબાદી મળી રહી છે. આજે અનેક સારા ઘરના શિક્ષિત મુસ્લિમ બાળકો, યુવાનોના માનસમાં હિંદુત્વ પ્રત્યે, સરકાર પ્રત્યે ઝેર ભરવામાં આવી રહ્યું છે. આવનારી આખી પેઢીના સંસ્કારમાં જ લાઈવ નફરતનું આરોપણ થઈ રહ્યું છે જે આવનારા વર્ષોમાં આપણી આજની યુવા પેઢીની સામે ખતરનાક રૂપે સામે આવશે. ત્યારે પણ આ બે મહાજાતિઓને મહાસંઘર્ષનો સામનો કરવો પડશે. દેશના તમામ પક્ષો પાસે નાગરિકતા બીલનું પ્રજાલક્ષી મોટું કારણ હાથમાં આવી ગયું છે. પરંતુ આપણા દેશની કરૂણતા એ છે કે જે વીસ – બાવીશ ટકાના લોકો છે તેઓ વિપક્ષોને બાનમાં લઈને દેશના પંચોતેરથી વધુ ટકાવાળી વસ્તીને પરેશાન કરે છે અને આપણે સૌ ચૂપચાપ, શાંતિથી રોજ ઘરમાં ટી.વી. પર આ બધુ જોયા કરીએ છીએ. એનું કારણ છે આપણે સૌ જ્ઞાતિ જાતિઓમાં વહેંચાઈ ગયા છીએ, કોઈ બ્રાહ્મણ થઈને સમીટો યોજે છે તો કોઈ પટેલ બનીને રાજનીતિ રમે છે તો કોઈ દલીત – શોષિતનો રાગ આલાપે છે. સૌની અલગ અલગ દુકાનો છે, સૌના જુદા જુદા ઈશ્વર છે, કોઈ મંદિરે જાય છે તો કોઈ દેરાસરે, કોઈ ગિરજાઘર તો કોઈ ચર્ચ, આ બધી સ્થિતિને કારણે આપણે સૌ " માનવતાના મંદિરે " જ જવાનું ભૂલી ગયા છીએ. સૌ એકબીજાની સામે ઘૂરકિયા કરીને, જ્ઞાતિ જાતિ અને ધર્મના નામે એકબીજાથી મોટા બનવા મથી રહ્યા છીએ અને જોતજોતામાં જ દેશની જૂની અલ્પસંખ્યક વસ્તી એક બે ટકામાંથી ત્રેવીસ ટકાએ પહોંચી જાય છે. હજીએ જો આપણે આ જ્ઞાતિ - જાતિના ઝંડા લઈને રાજનીતિ ખેલ્યા કરીશું તો આ ત્રેવીસ ટકાને ત્રેસઠ કે તોંતેર ટકા બનતા બહુ વાર નહી લાગે. અને એ વખતે આજની પંચોતેર ટકાની વસ્તી અલ્પસંખ્યક હશે, પ્રતાડિત હશે. પીડિત હશે, એ વખતે બ્રાહ્મણ, દલિત, જૈન, પારસી કે પટેલ, કોઈની દુકાન નહીં ચાલે. સૌને દેશ છોડવાની ફરજ પડશે. ૧૯, જાન્યુઆરી, ૧૯૯૦નો કાશ્મીરનો દિવસ સૌને યાદ જ હશે. ત્યા અલ્પસંખ્યક હોવા છતાંય એકતા અને સંગઠનની તાકાતથી બહુસંખ્યક પાંચેક લાખ કશ્મીરી પંડિતોને ઘરબાર અને બધી જ સમૃદ્ધિ ત્યાગીને કશ્મીર છોડવું પડ્યું હતું. અભિવ્યક્તિની આઝાદીનો લાભ લઈને આજે અલ્પસંખ્યકો વિપક્ષોને હાથો બનાવીને વૈશ્વિક અલ્પસંખ્યકોને એકતા બતાવીને હિંદુસ્તાનમાં પોતાની તાકાત કેટલી છે તે દર્શાવી રહ્યા છે. અને આપણે બ્રાહ્મણ, પટેલ, દલિતના વિવિધ મેળાવડા યોજીને એકબીજાને પોતાની તાકાત બતાવીને સર્વોપરિ સિદ્ધ કરવા મથીએ છીએ.

અભિવ્યક્તિની આઝાદી આપણને પણ છે. સમાજના વિશાળ લોકહિતને ધ્યાનમાં રાખીને આપણે પણ અલ્પસંખ્યકોની વિપક્ષી દાદાગીરી તોડી શકીએ છીએ. પણ જે ઈમારતાનાં પાયામાં જ્ઞાતિ જાતિવાદની ઊધઈ વ્યાપી ગઈ હોય એ ઈમારત ગમે તેટલી મજબૂત દેખાતી હોય એક દિવસ એ તૂટે જ છે.

આપણી આજની યુવા પેઢી આજે મોટાભાગે વૉટ્સપ મેસેજ, વીડિઓ શેર કરવામાં ખૂબ જ શક્તિશાળી છે. એ ગમે તેવા વીડિઓ શેર કરીને પોતાને શક્તિશાળી સિદ્ધ કરે છે. અને અલ્પસંખ્યકનો યુવાન હાથમાં લાકડી કે તલવાર લઈને પોતાની કોમના લોકોના રક્ષણ માટે નીકળી પડે છે રસ્તા ઉપર. અને આવા બે પાંચ અલ્પસંખ્યક યુવાનો દ્વારા ટ્રાફિક પોલીસને માર મારવાના વીડિઓ ઉતારીને એને શેર કરવાનું સાહસ આપણો યુવાન કરતો થયો છે. કારણ એ યુવાન કાં તો બ્રાહ્મણ છે કાં દલિત છે કા પટેલ છે કાં જૈન કે પારસી છે... પણ હિંદુસ્તાની નથી. જો આ મુદ્દે આજે ગંભીરતાપૂર્વક નહીં વિચારીએ તો આવનારા વર્ષોમાં આપણા સંતાનો કાઈ વિચારવા જેવા જ નહીં રહે.

આપણા યુવાનોએ અભિવ્યક્તિની આઝાદીનો લાભ ચોક્કસ લીધો છે. એ ઘરમાં વડિલોની સામે ગમે તેવું બોલી નાખે છે. યુવતિઓ ગમે તેવા સાવ ટૂંકા, પારદર્શક વસ્ત્રો પહેરીને દેહપ્રદર્શન કરવાને અભિવ્યક્તિની આઝાદી માને છે. અને પછી જો કોઈ બેકાર કે સજ્જન યુવાન તેના ખૂલ્લા દેહ સામે જૂએ છે તો ફરિયાદ કરે છે. ક્યારેક કોઈ દૂર્ઘટના પણ ઘટે છે. અને પછી શરું થાય છે જ્ઞાતિ જાતિના સંગઠનોની રાજનીતિ... વેદકાલીન સમયમાં તો સામાજિક વ્યવસ્થા જાળવવા સમાજને કાર્યોને આધારે ચાર વર્ણોમાં વહેંચવામાં આવ્યો હતો પરંતુ પછીથી એ ચાર વર્ણોને અઢાર વર્ણોમાં અને આજે અઢારમાંથી આઠ સો વર્ણોમાં આપણને વિભાજીત કરીને દુનિયાભરના અલ્પસંખ્યકોને શક્તિશાળી બનાવી દીધા છે. અભિવ્યક્તિની આઝાદી સત્ય પ્રગટ કરવા માટે છે, પોતાના હૃદયની વાત કે વિચાર વ્યક્ત કરવા માટે છે. કદાચ પરિવાર કે સમાજ કે રાજ્ય કે રાષ્ટ્રના વડાની ખોટી વાતનો, ખોટા નિર્ણયનો વિરોધ કરવા માટે છે. પણા લાખો કરોડો બાળકોનું, યુવાનોનું ભાવિ બગડે એવા આંદોલનો ઉભા કરવા, ગેરમાર્ગે દોરવા માટે નથી. અત્યારની અભિવ્યક્તિ તો ખરેખર રાષ્ટ્રદ્રોહ છે.

આજે દેશ ખૂબ જ કઠિન પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. આ દસ વીસ વર્ષ હિંદુસ્તાનના ઈતિહાસમાં સૂવર્ણ અક્ષરે લેખાઈ શકે છે. પણ એ પહેલા આજના યુવાનોએ જાગવાની જરુર છે. સોશિયલ મીડિયાની મોહભરી માયાજાળમાંથી મૂક્ત થઈને દેશ માટે થોડું વિચારવાની જરૂર છે. ક્રાંતિકારી ઘટનાઓના વીડિઓ શેર કરવાને

અનુસંધાન પાના નં ૭ પર

ગણતંત્ર : હજુ ઘણું કરવું બાકી છે...

રઝળપાટ

અજય ઉપાધ્યાય

અમેરિકાના લોકપ્રિય રાષ્ટ્રપતી અબ્રાહમ લિંકને ગણતંત્રની વ્યાખ્યા આપેલી કે ' લોકો વડે, લોકો માટે અને લોકોનું શાશન એટલે ગણતંત્ર ' મતલબ કે જે શાશનમાં જનતા જ સર્વોપરી હોય તે વ્યવસ્થા કે શાશન એટલે ગણતંત્ર...!!! ભલે ને લિંકન મહોદયે આ વાક્ય અમેરિકા માટે કહેલું હોય પણ જ્યાં જ્યાં ગણતંત્ર છે તે દરેક દેશ માટે આ વાક્ય સોનેરી છે અને રહેશે. આજે ૨૬ જાન્યુઆરીએ વી ધ પીપલ પણ આપણા પ્યારા દેશ હિન્દુસ્તાનનો ગણતંત્ર દિવસ ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે આ વાક્ય અને એનો ભાવાર્થ – એનો અર્થ અને એનો હેતુ આઝાદીના આઠ દાયકા થવા આવ્યા ત્યારે કેટલો ચરિતાર્થ થયો છે ? કેટલો અમલી બન્યો છે ? એનું મનન અને ચિંતન કરવું એ આજના દિવસનું એક કર્મ હોવું જોઈએ.

આજે ફરી આકાશ તિરંગાથી ઢંકાઈ જશે.... હિન્દુસ્તાનની હવાઓમાં દેશભક્તિ અને દેશપ્રેમની રાષ્ટ્રીય ખુશ્બુ ફેલાઈ જશે.આજે બડી શાન, બાન અને આનથી તિરંગાને સલામી અપાશે... બહાદુર સૈનિકોનું સન્માન થશે...હિન્દુસ્તાનની શસ્ત્રશક્તિનું પ્રદર્શન થશે..પરેડ થશે..આજથી સીતેર વર્ષ પહેલા આપણાથી જ સર્જાયેલું કે ઘડાયેલું બંધારણ અમલમાં મુકાયેલું અને ભૂલો, બંધનો અને પડકારો વચ્ચે પણ આપણે ગર્વથી એટલું તો કહી જ શકીએ છીએ કે આપણે આપણા બંધારણને....આપણા ગણતંત્રને એક નવી ઊંચાઈ....એક નવી છાપ અને એક નવી પ્રતિષ્ઠા ચોક્કસ આપી શક્યા છીએ. સી, ક્યાં દેશને અને એના નાગરિકોને શાશન ચલાવવામાં મુશ્કેલીઓ નથી પડતી? બધા ને પડે જ છે...કેમકે જેમ જેમ સમય બદલાઈ છે તેમ તેમ બંધારણ બનાવતી વખતે મુકેલ મુદ્દાઓ કે વિચારો સ્વાભાવિક છે કે સમયની સાથે સાથે ઘણીવાર અપ્રસ્તુત પણ બની જતા હોય છે અથવા તો એમાં સુધારાની જરૂર પડતી હોય છે અને આવા વખતે જ બંધારણની અને ખાસ તો નાગરિકોની ફરજ બની રહે છે કે આવશ્યક સુધારાઓને દેશહિતની નજરમાં રાખીને સ્વીકારવા આગળ વધે. આ દેશે અનેકો એવા સુધારાઓ જોયા છે કે જેનાથી દેશને અને દેશની અખંડિતતાને નુકશાન પહોચ્યું હોય પણ ફાયદો એ છે કે લગભગ અર્ધી આબાદી યુવાનોની ધરાવતા ભારતમાં હવે વિચારોની પરિપક્વતા પણ યુવાન થતી જાય છે.

આઠેક દાયકા પુરા કરવા જઈ રહેલા ભારતના ગણતંત્રની સફળતા માટે એક જ વાત કહેવી ઘટે કે ભારતના જ પાડોશી દેશો જેવા કે પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન માં કોઈ ને કોઈ પ્રકારે જાતીય હિંસા, ધાર્મિક ઉન્માદ, વંશવાદ અને સરમુખત્યારશાહી જેવા ગણતંત્રને કે લોકશાહીને કે પછી નાગરિકોને મુશ્કેલીરૂપ બનાવો બનતા રહ્યા છે અને બની રહ્યા છે પણ આ બધા વચ્ચે ભારત એક જ એવું ગણતંત્ર છે કે જ્યાં આ બનાવો ક્યાં તો ઓછા બન્યા છે અથવા તો બન્યા છે તો પણ ભારતની અખંડિતતા અને ગણતંત્રને બહુ ખાસ કઈ નુકશાન ના થાય એવી રીતે બન્યા છે. આજે આટલા વર્ષો પછી પણ ભારતીય ગણતંત્ર દિવસે ને દિવસે દુનિયામાં એક મિસાલ બની રહ્યું છે એનો સઘળો યશ સરકારોને પછી અને વી ધ પીપલને પહેલા જાય છે, અને આ કોઈ નાનીસુની સિદ્ધિ નથી જ. સી સરકારો તો આવે ને જાય પણ ગણતંત્રની રક્ષા અને એને અનુસરવાનું તો આપણે જ છે અને આપણે એમાં દિવસે દિવસે આગળ આવતા જઈએ છીએ..!!

અને એનું મુખ્ય કારણ ગણો કે શકિતસ્ત્રોત ગણો તે છે સ્વતંત્રતા..!!! વિચારોની, અભિવ્યક્તિની, વિરોધની સ્વતંત્રતા. આપણે બંધારણનો મૂળ વિચાર ઈંગ્લેન્ડના બંધારણમાંથી લીધેલો અને ચોક્કસ કહી શકાય કે આ સ્વતંત્રતાની બાબતે આપણે દુનિયામાં એક અલગ જ સ્થાન બનાવી લીધું છે. હા એ અલગ વાત છે કે દેશમાં હજુ પણ એવા લોકો છે કે જેને મન આ અભિવ્યક્તિ કે વિચારો કે વિરોધની સ્વતંત્રતાનો અર્થ જરા જુદો છે પણ થેંક ગોડ કે ભારતના બહુધા નાગરિકોને મન આ સ્વતંત્રતાની છૂટનો મતલબ દેશને નુકશાન પહોચાડવું એવો હરગીઝ નથી જ. કોઈ પણ દેશ અને ખાસ તો લોકશાહી દેશ એના નાગરિકોનો અવાજ દબાવી ના શકે – આ પાયાની વાત છે લોકશાહી દેશની સફળતામાં અને આપણે જોઈ જ રહ્યા છીએ કે છેલ્લા ઘણા વખતથી સીએએ વિરોધના નામે કે અન્ય કોઈ નામે ચાલતા વિરોધ પ્રદર્શનો અને રેલીઓ ચાલી જ રહી છે. ગણતંત્ર એટલું પુખ્ત થયું છે હવે આપણે રસ્તા-ગલીઓ અને સડકો પર ઉતરીને વિરોધ કરતા અચકાતા નથી. સંવિધાનમાં મળેલો આ અભિવ્યક્તિનો અધિકાર સુપેરે વપરાઈ રહ્યો છે. અને એ વિરોધોમાં લહેરાતા તિરંગા જોઈને એક વાતની ખુશી તો થાય જ છે કે ધીરે ધીરે પણ જે બદલાવની ભારત પ્રતીક્ષા કરી રહ્યું હતું તે ' દેશ પહેલા ' ની ભાવના નાગરિકોમાં વધતી જાય છે. હા વિરોધના સૂરોમાં કેટલાક આ મુખ્ય અને મહત્વની વાત ભૂલી જાય છે પણ એ તો શું છે કે દેશ હોય ત્યાં આવા લોકો પણ હોવાના જ..!! પણ ખુશી એ વાતની છે કે લોકો સારા લાગતા કામોમાં ટેકો અને કેક શંકા લાગે એવા કામોમાં વિરોધ કરતા અચકાતા નથી અને એક સફળ અને પુખ્ત લોકશાહી કે ગણતંત્ર માટે આ પણ અગત્યનું છે જ.

બદલાવ કોઈ પણ ગણતંત્રનો અહમ હિસ્સો છે અને સ્વતંત્ર થયાથી આજ સુધીમાં આ દેશે અનેક બદલાવો કર્યા છે અને હજુ વધુ કરવાની આવશ્યકતા પણ છે જ. દેશહિત સર્વોપરી હોય એવા કોઈ પણ બદલાવને એક નાગરિક તરીકે ટેકો આપવો આપણી ફરજ છે એટલું જ નહિ પણ દેશહિત એ સર્વાંગી સફળ ગણતંત્રનો એક આધ